INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૯-૧૨-૨૦૨૫**

- **બાળકો પાછા સ્કુલમાં એનરોલ થયા છે તે આંકડો સાચો કોનો ? સંસદનો કે માહિતી વિભાગનો ?**
- **સંસદની માહિતી મુજબ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ હેઠળ શાળા માં ફરી એનરોલ થયેલ બાળકોની સંખ્યા ૧૭૮૯૯ છે જ્યારે કુલ ખર્ચ ૫૭૧.૭૪૦૧૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં ૩૨૮૧૯ બાળકો પાછા એનરોલ થયા અને કુલ ખર્ચ ૨૦૬૨.૬૭૩ લાખ થયો છે.**
- **માહિતી વિભાગે નિવેદન આપતા પહેલા સંસદમાં રજુ કરેલ જવાબના એનેક્ષર-IIની વિગત વાંચવાની જરૂર હતી. તો માહિતી વિભાગ લાજ્યું હોત ગાજ્યું ના હોત.**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ માહિતી ખાતા દ્વારા અપાયેલ લેખિત નિવેદન ઉપર જવાબ આપતા જણાવ્યું હતું કે, માહિતી ખાતા દ્વારા શિક્ષણની ચિંતા કરવાની જગ્યાએ ઢાંક પીછોડો કરતા પકડાય છે. સંસદમાં અપાયેલા ગુજરાતના આઉટ ઓફ સ્કૂલ બાળકોના આંકડાના સત્ય ઉપર લાજવાની જગ્યાએ ગાજી રહી છે. વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં કુલ આઉટ ઓફ સ્કૂલ બાળકોની સંખ્યા ૨૪૦૮૦૯ અને વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ૫૪૫૪૧ હતી. શું મહિલા અને બાળ વિકાસ મંત્રી સાવિત્રી ઠાકુરે સંસદમાં આપેલ આંકડા ખોટા છે? માહિતી ખાતાએ સંસદમાં અપાયેલ સંપૂર્ણ જવાબને વાંચવાની જરૂર હતી. સંસદમાં અપાયેલ જવાબમાં સરકાર દ્વારા સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ પાછળ થયેલ ખર્ચની સાથે કેટલા બાળકો પાછા એનરોલ એટલે કે સ્કૂલમાં પાછા ગયા તે વિગત મૂકી છે, સંસદમાં આપેલ માહિતીમાં એનેક્ષર-II માં વર્ષ મુજબની માહિતી આપેલ છે. માહિતી વિભાગે વાંચી લેવાની તસ્દી લેવી હતી. સંસદની માહિતી મુજબ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ હેઠળ શાળા માં ફરી એનરોલ થયેલ બાળકોની સંખ્યા ૧૭૮૯૯ છે જ્યારે કુલ ખર્ચ ૫૭૧.૭૪૦૧૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં ૩૨૮૧૯ બાળકો પાછા એનરોલ થયા અને કુલ ખર્ચ ૨૦૬૨.૬૭૩ લાખ થયો છે. સંસદમાં મંત્રી સાવિત્રી ઠાકુર મુજબ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ મુજબ ૧૭૮૯૯ બાળકો પાછા સ્કૂલમાં એનરોલ થયા છે ત્યારે માહિતી વિભાગ મુજબ ૨,૩૦,૧૯૬ બાળકો પાછા સ્કૂલમાં એનરોલ થયા છે, બોલો આમાં સાચું કોણ દેશની સંસદમાં મંત્રી કે ગુજરાતનું માહિતી વિભાગ?

સરકારનો બચાવ કરવો કદાચ માહિતી વિભાગ હશે, માહિતીને સંતાડી ગુજરાતના શિક્ષણ વ્યવસ્થામાં છીંડા છે તેના થી ગુજરાત ના બાળકોનું નુકશાન થશે. માહિતી વિભાગે સંસદના આંકડાને જુઠલાવવાની જગ્યાએ કઈ રીતે વધુ બાળકો પાછા સ્કૂલમાં ફરે તે દીશામાં કેવા પ્રકારની વ્યવસ્થા સરકારે ઉભી કરી છે તેની વાત મુકવાની જરૂર છે. બેટી બચાઓ બેટી પઢાવોના નારાવાળી સરકારને ધ્યાને હોવું જોઈએ કે વર્ષ ૨૦૨૫ - ૨૦૨૬માં ૧૦૫૦૨૦ તરુણીઓ આઉટ ઓફ સ્કૂલ છે જેનો આંકડો વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં માત્ર ૧ હતો. એવું તો શું થયું કે વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં આઉટ ઓફ સ્કૂલ તરુણીઓના આંકડા માં આટલો ધરખમ વધારો કેમ? માહિતી વિભાગનું નિવેદન સંસદના આંકડા ખોટા હોય તેમ છે, તો સંસદમાં રજૂ થયેલ આંકડા કોને આપ્યા? શું કેન્દ્ર સરકારની એજન્સીના આંકડા છે કે ગુજરાત સરકારે આપેલો છે. 'પ્રબંધ' હેઠળ વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં કુલ ખર્ચ ૨૧૯૯ કરોડ થી વધુ અને વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૨૧૧૩ કરોડ થયો છતાં શિક્ષણની દારૂણ પરિસ્થિતિ છે. શિક્ષક વર્ગ ખંડ વગરની શિક્ષણ વ્યવસ્થામાં કરોડોના ખર્ચ બાદ સવાલ એ થાય છે કે, રૂપિયા જાય છે ક્યા ? તે તપાસનો વિષય છે.

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146